બુલંદ રાશતીરાશ દીનમાં બંદગીનાં કાયદા અને ફરજો.

ઇનશાન માત્રનું જીવવું તે બંદગીએજ વધુ બેહેતર ગણાય છે. '**બંદગી**' બોલનો અર્થ '**સેતાએશ**' યા '**ફરજ**' અથવા આ દુનીયામાં પાક ખુદાવંદની તાબેદારી તથા તેનાં ફરમાનો પ્રમાણે દરેક ઇનશાનેએ ચાલવું અને તે '**રેહેમી દાદાર**' ની સ્તુતી અને સેતાએશ કરવી."

જ્યારે તે ઇનસાફી દાવરે આપણ ખાકી બંદાઓને જે કીમતી બેટો અને બેમુલી બક્ષેસો આપી છે. અને તે મહાજાની તરફના દરેક ગેબી મદદો ખાકી હસ્તી ધરાવનાર મેલવી શકે છે, તો 'તેઓની' ખુદ ફરજ છે, કે પોતાના પેદા કરનાર, શકિતનાં ભંડાર, જમાઓનાં સરદાર, હમેશગીનાં શેહેનશાહ, મીનોઈ હસ્તીનાં સાહેબ, અને અનંત ખુદાવંદની બંદગીમાં દર શરૂ થતી ગેહનાં ખુશ વખતમાં મશગુલ થઇ તે પાક દાદારની બેમુલી નવાજેશ માટે સર નમાવી બંદગી કરવી.

જ્યારે બી આપણે પાક ખુદાવંદની બંદગી અથવા સેતાએશ કરવાની ખાયસ રાખે તો પ્રથમ સરવેરથી તંન પાક કરવું (હાલ ઘણાકો ફકત હાથ મોહોડું ધોઇનેજ ફરજીઆત બંદગી ગુજારે છે) અને સ્વચ્છ કપડાં પહેરી, આતશ પાહદશાહ આતશ આદરાંન, દરેમેહેર વિગેરે પાક મકાંનમાં (યા તો એકાંત અને પાક જગયાએ, સાફ કપડું પાથરી) ગુઠણ મડીએ પડી પાક દાદાર વિષે મનમાં વિચાર રાખી દોઆ માંગતા હોઇએ એવી પ્રકારે ગંભીરતા, પવિત્રતા, શાંત જીવ, માયાળુ લાગણી, અને પેદા કરનાર તરફ વફાદારી, ખરી દીલસોજી અને તેની તમામ પેદાયસો અને બેમુલી બક્ષેસો માટે સુકરગુજારી અને અદબથી કલમો, શુદ્ધ ઉચ્ચારે, બુલંદ અને શીરીન અવાજે પુરતી ગંભીરતાથી પઢવા.

રવાંન આગળ આતશ રોશન રાખવાની જરૂર.

વંદીદાદની ૮ મી પરગરદનાં ૬૯) અને ૮૦) માં ફકરામાં જણાવેલું છે કે "જે ઘરમાં રવાંન થયું હોય ત્યાં તુરત આતશ રોશન કરવો. યાને જ્યાં આદમી ગુજર્યું હોય ત્યાં સારી ખુશબોદાર ચીજ જેવી કે '**એરવાસન**' (સુખડ).

મરણ વખતે તુરત આતશ રોશન કરી સારી ખુશબોઈ બાલવાથી ફાયદો છે. કેમકે કેટલાંએક દર્દીઓ એવાં કઢંગા અને ખરાબ દર્દથી બીમાર થઈ મરણ પામે છે કે તેવાં દર્દોની હવા બીજા હયાત આસામીઓનાં દમમાં આવવાથી ઝેરી હવા ઉત્પન્ન થવાનો સંભવ રહે છે. કારણ ગુજરનાર આસામીનાં કાલબુદમાંથી તેનો જીવ ગયા બાદ ઝેરી હવા બાહાર ફેલાય છે, જેથી આતશ બુરી હવાને નાબુદ કરી સ્વચ્છ હવાનો ફેલાવો કરે છે. આજકાલ વૈદક શાસ્ત્રમાં ફરમાવવામાં આવે છે કે આતશપર ખુશબો બાળવાથી આતશી જોત ઝેરી હવાનો નાશ કરે છે, યાને હવા સ્વચ્છ થાય છે. પણ આપણી બુલંદ રાશતીરાશ દીનમાં એ ફરમાન હઝારો વર્ષથી જારી છે જે બાબે દાનેશમંદ ધર્મી જરથોસ્તી અજાણ્યાં નથી. એ ફરમાનને લગતો અવસ્તાનો ફકરો નીચે મુજબ છે.

રવાંનપર ઘેહેસારી અવલમજંલ પોંહોંચાડવાની ક્રિયા.

રવાંન ઘરમાંથી લઇ જતી વેળા નસસાલારો જુનાં કપડાં[1] પેહેરી હાથે પેવંદ કરી તે ગુજરનારનાં કશની જગા આગળ ત્રણ કદમ દુર રહી, '**સરોશ બાજ અસ્ત વહીતીશ અશહે**' સુધી પઢે, ત્યારબાદ એક આથોરનાનની જોડ ગોસલ કરી સાફ કપડાં પેહેરી પવિત્રાઇથી કુસ્તી પાદીઆબ કરી, પેવંદ વળગી, ઘેહેસારણું પઢવું શરૂ કરે, અને ઘેહેસારણું પુરૂં થવા બાદ નસાસાલારો પેલાં રવાનને સગદીદ કરાવે, ત્યાર પછી રવાંનને બાહાર લાવીને બીજા ખાંધીઆઓ પેવંદ કરી બાજ લઈ બાહાર ઉભા હોય છે તે સાથે હમાજોર થઇ, રવાંનનું મોહોડું આગલી તરફ રાખી દોખમે[2] લઇ જાય છે ત્યાં રવાંનને મેલે છે કે જેથી માસ ખાનાર પક્ષીઓ તેની ચાસણી કરે. (એ નહી કરવું વીજલીથી અગની દા કરવું શારૂં છે.)

ગુજરનાર આસામીની પાયદસ્ત જવાની બીના.

કોઇપણ આસામી ગુજરે તેની પાયદશે જવાની હયાત આસામીની ફરજ છે જો પાયદશ જાય તો તેનો સવાબ દરેક કદમે એક તનાફુર લાગે, માટે પાયદશ જવું. પ્રથમ પવિત્રાઇથી પાદીઆબ કુસ્તી કરીને જે કોઈ ગુજર્યું હોય તેને દરવાજે જઇને તેટલે પાયદશ જવાના હોય તે બબે જણ પેવંદ વળગીને સરોશ બાજ અશહે સુધી પઢે ત્યારબાદ બાજ તથા પેવદ મજબુત રાખીને જે કોઈ ગુજર્યું તેને નસેસાલાર લઇ જાય તેની પછવાડે ત્રીસ કદમ દુરથી ચાલે. રવાંન સાથે મેહેલી આથોરનાનની એક જોડ જાય અને તેઓની પાછળ પાયદશે જનાર આસામીઓ ઉપર જણાવ્યા મુજબ જાય.

---

૧. એ બાબે આગળ ગુજરનાર આસામીની ગુજરતી વેળાની ક્રિયામાં જણાવ્યું છે.

૨. વંદીદાદની ૬ ઠ્ઠી પરગરદમાં જણાવ્યા મુજબ પાની ઓરવર ખેતીવાડી, તથા સગ વિગેરેથી તેમાં જવાઇ શકાય નહિં એથી ઉચી પાહાડી જગ્યાએ દોખમું બાંધવું જોઇએ.

દુ:ખમાં નજદીક પોહોંચ્યાબાદ નસાસાલાર ખમાં આગળ ગેહાંન સ્વાન સાથે મુકે, અને દોખમાના દરવાજાને સગદીદ કરાવે, પછી દોખમાંનો દરવાજો ઉઘાડીને નસો દોખમામાં મુકી બાહેર આવી દરવાજો બંધ કરે. પછી પાયદશે જનારા દુર સગડી આગળ ઉભા રહેલા છે, તેઓ સરોશબાજ મૂકે, નેમસચા યા આરમેતેશ ઇજાચા વાર [૩) પઢે. યથા અહુ વેરીઓ (૨) યસનેમચા વહતેમચા, ઓજસચા, જવરેચા, આફરીનામે, સરોશહે અશીઅહે તખમહે તનુ માથરહે દરશી દરોશ આહુએરીઅહે* અશેમ વોહુ (૧) જસમે અવંઘહે મજદ અમહે હુતાશતહે, હુરોદહે, વેરેથરઘનહે, અહુરદાતહે, લનનતી આઓસચ, ઉપરતાતો, થવાશહે ખદાતહે, જરવાનહે અક્રરનહે, જરવાનહે દરેઘો ખદાતહે, અશેમ વોહુ (૧)

બાદ નમસકાર દોખમાનો પઢે અને રેતી લઈને સરોશબાજ પઢેઆ પથી પાણીએ કરી પાદીઆબ કુસ્તી કરી નીઆએશ તથા પતેત જે કોઇ ગુજર્યું હોય તેની નૈયતે પડીને ત્યાંથી ઘર તરફ થોડાંએક કદમ ચાલીને જમીન સજારે જમણે હાથે કપડાંનું પેવંદ ધરીને તે હાથ જમીનપર મુકે, અને જમણા પગનું ગુડણ જમીનપર મુકીને યથા અહુવેરીઓ (૧) પઢેઆ પછી ત્રણ કદમ ચાલીને ફરી બીજીવાર એજ પ્રમાણે પેવંદ જમીન સુધી કરીને યથા અહુ વેરીઓ (૧) પઢે, ફરી ત્રિજીવારબી એજ રવેશે યથા અહુ વેરીઓ (૧) પઢી રહ્યા પછી સરોશ બાજ અશહે સુધી પઢીને યથા અહુ વેરીઓ પઢતાં જે ગુજર્યો હોય તેને ઘેર જાય તહાં બેશી સરોશ બાજ મુકીને પોતાને ઘેર જાય અને સેતાબીથી ગોસલ કરે, પહેલાં રેતી લીંબુ તમામ બદનને લગાડે તે સુકવીને પાણીએ ગોસલ કરે.

ગુજરેલાંની નૈયતે ત્રણ દિવસ સરોશ, યજશની વંદીદાદ વિગેરે કરવાની જરૂર.

અવસતા પ્રમાણે જે કોઈ ગુજરે તેની નૈયતે પેહેલા ત્રણ દિવસ સરોશની ખશનુમને યજશને તથા ત્રણ વદીદાદ કરવાને ફરમાવ્યું છે. વંદીદાદ કરતાં સરોશની યજશનેની વધુ જરૂર છે. તેમજ તે ત્રણ દિવસમાં દરેક ક્રિયા હરોશની ખશનુમને કરાવવામાં આવે છે. અએવેસરૂથરેમ ગેહેમાં સરોશની ખશનુમને આફરગાન કરાવવું તથા દરેક ગેહેમાં સરોશ બાજ ઈજાવી.

ધારો કે દરેક ક્રિયા એ ત્રણ દિવસમાં સરોશની ખશનુમને કરાવવામાં આવે છે કારણ ઈનસાન માત્રનું ખાકી તન આ દોરંગી જેહાંન જે એક **'બાગે તિલસમ'** છે તે સાથનો સંબંધ છોડવા પછી પેલી હમેશગીની પવિત્ર જેહાંનમાં તેનું જવું થાય છે, ત્યાં જે ઈનશાનની જેવી કેરદાર તેવી તેને જગા મળે છે. અને જે કોઈ આસાંમી આય ત્રણ પાંચ દિવસની નાપાયદાર દુન્યામાં કંઈપણ કામ કરતાં યા પગલું ભરતાં મીનો (પેલી દુન્યા) નો ખ્યાલ મનમાં રાખીને હુમત, હુખત, હુવરસત, અને મનશની, ગવશની, કુનશનીનો વિચાર મનમાં રાખી ચાલ્યું હોય છે, તો બેશક તે જેહાંનમાં સરોશ એક મુંરબી તરીકે તેને મદદ કરે છે,

ઇનસાન માત્રનો આ જે દુન્યામાં જન્મ થતી વેળા જેમ દાઈની જરૂર પડેછે તેમ તે જેહાન પોંહોંચતાં તેને ફરેસ્તાની મદદ જોઇએ છે, જે સર્વ ઉમ્મેદો ખુબસુરત પુર જોરાવર ભલો સરોશ ઇઅજદ પુરી પાડે છે તેથી ગુજરનારની નૈયતે ત્રણ દિવસ સુધી સરોશની ખશનુમને યજશને કરવાનું ફરમાન છે.

'પાદરૂજેહ' (ઉઠમણું).

ખુલંદ જરથોસ્તી દીનમાં કોઇબી આસામી બેહેસ્તી થવાથી ત્રિજે દિવસે સાંજે ઉઠમણું કરવામાં આવે છે અને ચાહારૂમની બામદાદેબી ઉઠમણું કરવામાં આવે છે. ઉઠમણું શબ્દ ગુજરાતી ભાષાનો છે. હિંદુ લોકોમાં એવો રેવાજ છે કે જે કોઈ ગુજરે તેને બીજે દિવસે યાતો ગુજરે તેજ સાંજે વખત પુગતો હોય તો બ્રાહ્મણ સોરે ક્રિયા કરાવે છે તેને ઉઠમણું કહે છે.

પણ આપણી ભાષામાં અને **'પાદરૂજેહ'** કરી લખે છે એટલે '**રવાંનને બદલો મેળવવાનો વખત**' રવાંન પોતાનાં ચાહારૂમની બામદાદે બદલો મેળવી શકે છે માટે ઉઠમણાની મીજલેસ ચાહારૂમની બામદાદે (એટલે ત્રિજે દિવસે રાતની છેલ્લી ઉશહેનગેહમાં) કરવી વધુ બેહેતર છે, તે વખતે મરનારનાં ખેશખેશાવંદો, દોસ્ત આસનાવો, મીત્ર વખાણનારાઓ, લાગતા વળગતાઓ, વિગેરે આસામીઓએ ચોક્કસ જગ્યાએ એકઠા મળી, તમામ '**શેહે**નશાહોનાં **શેહે**નશાહ **રેહેમી અ**હુરમઝદ' પાસે તે મરનાર માટે સુક્ર ગુજારી કરવી કે તે '**સાહેબે બી**નયાઝ' મરનારનાં રૂહને શાંતી અને લાયક જગા બક્ષે.

ખુલંદ રાશતીરાશ દીનનાં ફરમાન પ્રમાણે અનજુમન એકઠી મળી એક દિલ થઇ, (કોઇ પણ) ધર્મક્રિયા કરે તો 'પાક ખુદાવંદ' તે ક્રિયા કામ વધુ પસંદ કરે છે. અને તે ક્રિયા વધુ અસરકારક યાને અનજુમનની ચાહેલી દોઆ તથા વિનંતી અને સુક્ર ગુજારી તે '**મ**ઝદાઓનો **મ**ઝદાં' કબુલ રાખે છે.

ખુદ જરથોસ્તીઓની ફરજ છે અને ધર્મી જરથોસ્તી તેમાં પુરતી રીતે વાકેફગાર છે કે કોઇપણ જરથોસ્તીનાં આ જેહાંનથી કુચ કરી જવાબાદ તે ગુજરનાર માટે '**પાક અ**હુરમઝદ' આગળ સેતાએશ કરવી કે તે 'હફ્ત કેશવરનો માલેક' મરનારને સારી જગા બક્ષે.

હાદોખત નુસકથી એવું જણાયલું છે કે કોઇપણ જરથોસ્તી ગુજરે તેનું રવાંન ત્રિજી રાતની બામદાદે તે મીનો જેહાંનમાં જાય છે. પણ ગુજરવા પછી ત્રણ રાત સુધી તે આદમીનો જીવ પોતાના શરાહની જગા આગળ રહે છે.

તેથી ગુજરનારનાં ખેશખેશાવંદ, દોસ્ત આસનાવો, મિત્ર વખાણનારાઓએ મરનારની **નૈયતે ત્રિજે દિવસે ઓજીરન ગેહેમાં બે ખુરશેદ અને બે મેહેરની નીઆએશ, ઓજીરન ગેહે, સરોશ હાદોખત અને પતેત, દરેક આસામીએ પઢવું જોઇએ, અને તે પઢતાં નહિ આવડે તો તેટલા 'અહુનવર' પઢવા જોઇએ. અને જો ઉઠમણું આદરાંન, અથવા આતશ બેહેરાંમમાં કરવામાં આવે તો ઉઠમણામાં જનાર આસામી ગુજરનારની નૈયતે અવસ્તા પઢી સુખડ ખુશબો તે પાક મકાનમાં આપે તો ઓર સવાબ વધુ હાંસલ થાય અને ગુજરનારનું રૂદ શાદ (ખુશાલ) થાય.**

ગુજરનારને બેસવા અથવા તેનાં ઉઠમણામાં જનાર બાનુઓ બાબે.

હાલ આપણામાં કોઇ ગુજરે તેને બેસવા અને તે ગુજરનારનાં ઉઠમણાંની ક્રિયા વખતે જનાર પારસી બાનુઓએ પણ જાણવાની અગત્ય છે કે જે કોઇ ગુજરે તેને બેસવા જવું હોય તો પોતાની ગુંજાસ મુજબ સુખડ લઇ જવું, અને ગુજરનારનાં રવાનને સેજદો કરી પવિત્રાઇથી કુશ્તી પાદીઆબ કરી આગળે જણાવ્યા મુજબ તે ગુજરનારની નૈયતે અવસ્તા પઢવા અને સુખડ બાલવું અને ઉઠમણામાં પણ તેજ મુજબ ક્રિયા કરવી જોઇએ, નહિ કે ખાલી રૂદન, અને તારી મારી નિંદા અને ફોકટનાં કુકલા કરવા. હાલ ઉઠમણામાં પોતાની ગુંજાસ મુજબ હયાત બાનુઓ અને ગૃહસ્થો ગુજરનારની નૈયતે નાણાની રકમ ધર્માદા આપે છે. તેવી પ્રકારે ખરો ધર્મ કરવાથી ઓર સવાબનો વધારો છે. [વાંચો અખંડ દુનીયાંની ઉતપનતીની ચોપરીમે શું કીરીયા ગુજર પામેલાંની વરશ દીવશ વેર કરવી]

ત્રિજે દાહાડે ઉશહેન ગેહેની ક્રિયા.

મરનારને ત્રીજે દીવસે પાછલી રાત્રે ઓ શહેન ગેહેમાં ચાર બાજ ઇંજાવવી જોઇએ. પેહેલી આતશ પાદશાહ આદર શહેનશાહ ત્રિજી '**સરોસની**' અને ચોથી '**અરદાફ્રરવશની**' અને છેલ્લી બાજ જોડે સાતે વસ્ત્ર ઇંજાવવાં ઉઠમણું તે મરનારની નૈયતે કરવું.

ચોથે દિવસે.

ચોથે દાહાડે બામદાદે '**દહમવીસ્પેશામ**' નું આફરગાન કરાવવું તથા યજશને બાજ ઇંજાવવી અને સતુમ પઢાવવું. અતે ચાર મોબેદ (નાહાનીઆ) જમાડવા.

એકુજનમે જરથોસ્ત પેગાંમબર દહમ ફીરેશતો કેવાયો છે. વાંચો (અખંડ દુનીયાની ઉતપંતીની ચોપરી.)

દશમાંની ક્રિયા.

જુબાને ફારસીમાં '**દહ**' એટલે દશ અને '**દહુમ**' એટલે દશમું. દશમું એટલે ગુજરનાર આસામીનો આ ફાની જેહાંનથી કુચ કરવાનો દશમો દિવસ. બુલંદ રાશનીરાસની દીનમાં એ દીને નીચે મુજબની ક્રિયા ગુજરનાર આસામીની નૈયતે કરવાનું ફરમાન છે.—

'દશમાને દાહાડે રવાનની નૈયતે '**અરદાફ્રરવશના**' દરૂમ અને તે સાથે સ્યાવ ઇંજાવે, અને યજશને, ફરવશી, આફરગાન, બાજ, સતુમ રવાંનની નૈયતે પઢાવે. એટલુંજ ફરમાન આપણુંને છે; પણ આપણાં લોકો એ દીને મીઠાઇ કરાવે છે, એ મીઠાઇ કરવી તદ્દન વાજબી નથી, કારણ એ ગમીનો દિવસ છે અને મીઠાઇ ખુશાલીની ચીજ છે, માટે તેમ નહિં કરતાં ઉપર મુજબજ ક્રિયા કરવાનું ફરમાન છે.

વળી એ ત્રણ દિવસોમાં જે ભણતર ભણવામાં આવે છે તેમાં પણ રામસનીનો ફકરો પઢવામાં આવતો નથી, તે નીચે મુજબ છે.

'સરોશ કરતી વખતે યજશનેનાં ૮ મા હામા રાથવી **'ખરે તે નરો'** નહિ પઢે, પણ **'એશમાસચ** બોયદીમચ'નું પદ પઢતાં એશમ બોએ રાથવી આતશનાં પાતરાંમાં મેળવે 'ખરતે નરો' અર્થ એવો થાય છે કે રાથવી જોતી ને કહે છે કે અએ મદ આ મીઅજદનું ખાણું ખુશીથી હું જે રાથવી છું તે તને આપુંછું. તેથી એ બોલ પઢવામાં આવતો નથી કારણ એ દિવસ ગમીના છે. એ ત્રણ દિવસમાં **'અહમારેશચ' 'કેરબા મુજદ'** નથી પઢતાં તેનું પણ એજ કારણ છે. 'અહમાએરેશચ' એક દોઆ છે તેમજ **'જસમે અવંઘહે મજદ'** પઢે છે તેમાં **'રામનો ખાસતરે'** પઢવામાં આવતું નથી તેમજ ત્રિજી રાત્રે મરનારની નયતે ઓશહેન ગેહેમાં 'મીનોરાંમ'ની બાજ ધરે છે તેમાં ઉપલાં પદ ભણાતાં નથી, તેજ મુજબ યજશનેનાં ૬૮ માં હામાં અહમાએરેશચ નથી પઢાતી " અજગરેમ કેરબા મુજદ નહી ભનવી.

માસીસાની ક્રિયા.

રવાનનો માસીસો તે ગુજરનાર આસામીનાં ગુજરવા બાદ ત્રિસમો રોજ, એ રોજે સીરોજાની યજશને કરાવવી. અને તેતરીસ દરૂન કરી ફરૂટ, મેવો મુકી સીરોજાની બાજ ઇંજાવવી, અને આફરગાન સતુમ પઢાવવું એ સિવાય બીજું ફરમાન યા રેવાયત કેઠેબી આપણને મલતું નથી,

અને ખરા દાહાડાને દિવસે એટલે ગુજરનારના રોજને દિવસે રવાંનની નૈયતે અરદાફરવશનાં દરૂન, સ્યાવ, યજશને, ફરવશી, આફરગાંન, બાજ, સતુમ રવાંનની નયતે પઢાવવું.

બાદ દર મહિને રવાંનનો દાહાડો આવે ત્યારે ઉપર જણાવ્યા મુજબ બાજ, દરૂન, આફરગાંન, યજશને, ફરવશી, સતુમ વિગેરે પઢાવવું.

આપણાં લોકો **'છમસી'** કરે છે પણ તેને લગતું લખાણ કેઠેબી મલતું નથી, અને ધર્મી એરવદો પણ ના પાડે છે કે જરથોસ્તીઓમાં ખાલી એ દેખાદેખીનો ચાલ આ મીજ થયો છે.

વર્ષિની ક્રિયા.

ઉપર માસીસાની ક્રિયા જણાવી તેજ મુજબ વર્ષિની ક્રિયા કરવાનું ફરમાન છે, એ સિવાય બીજું કસુબી કરવાને અવસ્તામાં અને રેવાયતોમાં પણ જણાવેલું નથી.

જોડાની ક્રિયા બાબે.

હાલ જરથોસ્તીઓમાં એવો રેવાજ છે કે કોઇ ગુજરે તે જો ઓરત હોય તો તેનાં મરદ સાથે અને મરદ હોય તો તે ઓરત સાથે જોડુ લગાડવાનો ચાલ છે, એ ઘણુંજરે અણઘટતું છે. વેહેમી લોકો એવું સમજે છે કે જોડું લગાડવાથી તે જેહાંન પણ એમનું એમ જોડું કાયમ રહે છે, પણ સ્યાનાં હમદીનો, એ જોડાં વિષેનો એસારો આપણી કોઇબી ધર્મ કેતાબમાં કરેલો નથી, તેમજ દશતુરો વટીક એવુંજ મત જાહેર કરે છે, કે ફક્ત આ દુન્યામાં હૈયાતી સુધીનુંજ જોડું છે, કેમકે મરણબાદ તો જે આસામીની જેવી કરણી

તેવુંજ તે ફળ મેળવી શકે છે, તેથી ગુજરવા બાદ જોડાનો સંબંધ રેરહેતો નથી, કારણ જેહારથી ધણીધણીઆણીની સગાઇ થાય, અને પરણે ત્યારથી તે હયાતી હોય ત્યાં સુધી તેઓ મલી ભેટી સરખા એખલાસથી રહે, અને પોતાની નેક ફરજો બજાવી, ભલાઇનાં કામોમાં એક બીજાને મદદ કરે, સાથે મલી અહુરમજદનાં તમામ ભલા તરીકાઓ પસંદ કરી તે પર અમલ કરે, કુસંપ નહિ ફેલાવતાં આબાદીનો વધારો ચાહે, તેનું નામ જોડું, તે માત્ર જીવતાનુંજ જાણવું. મુવાબાદ કસો સંબંધ રહેતો નથી. એને લગતા ફકરા નીચે મુજબ છે.

આશીર્વાદ.

બરાયજની હમ દોસ્તાની ૫ રાસ્ત મનશની, ૫ સે ગવશની ખેશ, ફ્રેરફેહ વખશશની એહેદીન (ફલાનરા) યઝદ ઝનદી પેમાન બેદાદમ.

ગુજરાતી અર્થ.

આય કુટુંબની કુંવારી બાનુને સર્વ ખેશ ખેશાવંદે એક દીલથી, સાચી નૈયતે, સાચે બોલવે, અને સાચાં કાંમ કરવે સવાબનાં વધારા થકી [ફલાનાં] મરદને એ બાનુ જીવવાનાં છેડા સુધી કોલ કરી આપી.

પરણનાર શખ્સ પાસે પણ એવોજ કોલ લેવામાં આવે છે અને પુછે છે કે ત્રણદે મનશનીથી જીવવાનાં છેડા સુધી તમોએ આ કન્યા પસંદ કરી ? ધણી જવાબ દેએ છે કે “ હા મેં જીવવાનાં છેડા સુધી પસંદ કરી. ”

એક દિનથી સાત વર્ષ સુધીનાં ગુજરનાર બાળકની ક્રિયા.

સદદર કેતાબનાં ૫૧) મા બાબમાં તેમજ વંદીદાદની ૮ મી પરગરદમાં (વિગેરે બીજી કેતાબોમાં) એક દિનથી સાત વર્ષની વયનું બાળક ગુજરે તેનાં રવાંનને દીનનાં ફરમાન મુજબ અવલમંજલ પુગાડવું (એ બાબે જુઓ ગુજરતી વખતની ક્રિયા.) ત્યારબાદ તે બચ્ચાની નૈયતે ત્રિજે દિવશે સરોશની ખશનુમને એક યજશને કરાવવી, અને ત્રણ દિવસ અએવેસરૂથરેમ ગેહમાં સરોશનું આફ્રગાન તથા સરોશબાજ ઇંજાવે, તેમજ ત્રિજી રાતે ઓ-શહેન ગેહમાં ચાર બાજ ઇંજાવવી. પેહેલી આતશ પાદાદસા આદર શહેનશાહની ત્રિજી સ-રોસની, અને ચોથી અરદાફરવશની તેની સાથે ગુજાશ મુજબ વસ્ત્ર ઇંજાવવું, દશમુ માસીશો યા વર્ષિ કરવાનું ફરમાન નથી. એ ચાલ માત્ર દેખાદેખીનો છે એવું આજ તુલીકમાં કાબેલ વીદવાંન એરવદ સાહેબોએ જાહેર કર્યું છે.

અગર જો કોઇ સખ્સ મુસાફરીમાં ગુજરે અને તેનું ક્રિયા કામ ત્યાં નહિ થયું હોય, અને તેનાં ખેશખેશાવંદોને તે મરનારનો દિવસ ખબર નહિં પડતાં એક માસે ખબર મળે તો ગુજરનારની નૈયતે ત્રણ સરોશ, ત્રણ વંદીદાદ, સરોશનું આફ્રગાંન, અને તેજ દિવશે ઓશહેન ગેહમાં ચાર બાજ ઇંજાવે, તે સાથે સ્નાવ ઇંજાવે. બાદ બીજે દિવશે હાવન ગેહેમાં તે મરનારનું ચાહારૂમ કરે, અને તેજ દિવશે દશમાની ક્રિયાબી કરે અથવા મરનારની ખબર માસીસો વીતાબાદ પડે તો તેજ દહાડે સીરોજાની અને માસીસાની ક્રિયા કરે, અને

વર્ષી વીતાં ખબર પડે તો એકજ દિવસમાં ચાહારૂમ, દશમુ, માસીશો, વર્ષી વિગેરેની ક્રિયા કરાવે બાદ મરનારનો દિવસ નહિ ખબર હોય તો જે દિવશે ક્રિયા કરે તે દિવસ ચાલુ રાખે, યા તો આદર મહીનો ને ફરવરદીન રોજ જારી રાખે.

જે કાઈ ગાઠામે ગુજર પામે છે તેનો ખુલાસો.

(ગાઠાનો ખુલાસો).

પારશી ધરમમે મુકતાદના દીવશ દશ કરી જનાવેયા છે તેમે આશતાદ રોજથી અનદેરાન રોજના દીવશો પાંચ એ ધરમ હવા શકતીઓને પુગે છે દુનીયાં આશમાન ધરથી સરવે ઉતપન થવા પેહેલાં હવાઓ ઉતપન થઇયો છે તે પછીથી આશમાન ધરથી બનધાયું છે ૧૧૧૪ વરસે આશમાન ધરથી બનધઈ રયું (દીનદાવર ધરમ મેહેઆબાદ)ને પગલે પસચીમ દકશીન પુર્વ ઉતરે ચારે દીશા ફરેયાં ધરથી ગોલ બનધઈ છે અંનીનાંશ ગાતની આશમાન ચોરશ બનધાયું છે, ઉતરે વાવીય ખુને દોજખ ઉતપન થએલાં હતાં, તેથી અરઢી ઉતર દીશા ને આખું વાવીય ખુનું આશમાન ધરથી બનધાયા વગર રહી ગયું છે, વાવીય લોરાંનો પાહાર બનધાયો છે, બેલજીઅમ શેહેર વાવીયની હદ તરફ આવેયું તેથી તાંથી લોઢું નીકરે છે, ઇંગલ વાવીય તરફ ઉતરે આવેયું છે, તાંથી પંન લોઢું નીકરે છે. હવે વાવીય તરફથી ઉતરે આવતાં પા ઉતર દીશાએ દોજખ ઉતપન થએલાં છે. વાંચો (અખંડ દુનીયાની ઉતપનતીની) ચોપરી એમે એવેશરૂથરેમ ગેહેનું લખાન વાંચો (દોજખ) કેમ ઉતપન થયાં છે, ઉતરે વાવીય જતાં દોજખ ઉતપન થએલાં તેથી (મેહેઆબાદ ને ગઇયોમરદને) મારીને દરીયામે નાખા દીધા અંગરેમેનીયુંશની રાશીઓએ (ઉતપનતીની ચોપરી વાંચવે) ખબર મલશે કેમ ને કઇ રાશીએ નાંખી દીધાં ત્રન શો કુતની ઉનચ-ઇથી દરીયામે નાંખી દીધાં. તારે જીવનાં તારામંદલ થયાં, પછી હવા હવાઓને કે શપેન-તમેનીયુંશ અંગ્રેહેમેનીયુશ બેઉ હવાઓને લરઈ થઈ. તો આશમાન તુલીક પાની ગયાં. તે સમેત અંગ્રેહેમેનીયુંશની રાશીઓનાં જીવોબી નીકરી ગયા ને વાવીય ખુને દરીયાનાં પાનીમે તારામંદલનો જુમખો થયો, આશમાનવેર પાની જતાં પાનીનાં મોજાં હવાઓનાં ગુંગાતા શંમેત પાંની ઉછારા મારતાં મારતાં આશમાન વેર ગયાં. વાવીયનું તારામંદલ વાવીય ખુને આશમાને ગયું ને (શપેનતમેનીયુશ શલજુકનું) ઈશાન ખુનેથી આશમાને ગયું. નાંખી દીધાં ને પાનીમે હવાઓનું તોફાન પાંચ દીવશ વેર રયું, જીવનાં તારામંદલો આશમાને ગયાં ને પાની ઉતરવા માંદેયું તે હેવાં હવાઓનાં તોફાનો આમીન. શામન જાગેયાથી પાનીમે જીવોના તારા ગનથઈ ગયા તેથી પાંચ દીવશો ગાઠાનો ધરમ કરી જનાવેયો છે, ગાઠાનો ધરમ તારામંદલને પુગે છે, તે જીવોની હવા શેતારાઓને ધરમ પુગે છે, એ બધુ લખાન (અખંડ દુનીયાંની ઉતપનતીની ચોપરીમે છે, તે પછી દીનદાવર ધરમ ને ગઇયોમરદનું તન પુર્વ ઈશાન ખુને કમલ ફુલનું ઝાહાર ઉતપન થયું તેમે બે દાલીઓ હતી. તેમેથી દીનદા-વર ચંદ્રમા થઇને ઉતપન થયાં. ને ગઇયોમરદનું તન શુરીય થઇને ઉતપન થયું. શુદ તેરશે

કપાયા શુરીય, ચંદ્રને કાપી નાંખેયા અંગ્રેહેમેનીયુશની હવા એને તન દરીયામે ગયાં, ને તન કાપેયાંને તો આંઠગની લરઈ હવાઓના ગોગાતા ને તોફાનો થયાં, આશમાન તુલીક પાની બીજીવારનાં ગયાં. તે શમેટ ચંદ્ર શુરીયનાં મોનાં આશમાને ગયાં. ચંદ્રમા ગરાંવેરથી કપાયા, ને શુરીય છાતીવેરથી કપાયાં. ચંદ્ર, શુરીય આશમાને ગયા ને દરીયાનાં પાની ઉતરવા માંદેયાં. પાનીના પેયાશા ને ફુલનાં અપાશી ઉતપન થયા હેવાજ કપાયા. વાંચો (અખંડ દુનીયાંની ઉતપનતી) ની ચોપરી તેમે આખુ લખાન છે તે પછી શુદ ચઉદશે દીવશના ચોવીશ કલાકમે કમલ ફુલથી પાંચ વખતનાં પંખેરાં ઉતપન થયાં ખુદરતી આદમો કાપી નાંખેયાં. તારે ખુદરતી પંખેરાં ઉતપન થયાં તેમે શુદ તેરશની દીવશ ને રાત પુરી થતાં ચઉદશની બામદાદે જનબારી પોપત ઉતપન થયો મોતો જબરા વીશતારમે રાશતીરાશની આબાદીની હવાથી શુંનાં, ચાંદીનો જનબારી પોપત જે દાલીમેથી ચંદ્ર ઉતપંન થયાં કમલફુલમેથી તે દાલીમેથી ઉતપન થયો તેમે જીવ પાછો તારામંદલથી (મેહેઆબાદ) નો આવેયો. તારામંદલમેથી જીવ હવા થઇ ને ખુદરતી નીકરેયો તેમેથી પા હવાનું અગરનું ઝાહાર પેહેલુંજ દુનીયામે ઉગીયું. આતશ પાહાદશાહએ મદદ આપી. તેથી આતશ ઉપર ખુશબો માટે મેહેઆબાદના જીવની હવાથી અગર ઉગેયું તે દીવશથી દુનીયાંમે અગર ઉગતું થયું છે, જીવની હવાથી છે તેથી અગર જો ખુશબો વધું છે શોજુ અગર (રૂ. ૪૦) શે શેર વેચાએ છે, આજુબાજુ ઝારો ઉગે છે એ તો સાધારન કેવાએ છે.

હવે પા હવાનો તારો થયો. પા હવા દુનીયાંના ભાગમે ફરતી રહી ને પા હવાનો જીવ (હોસબાંમ) પંખેરામે આવેયો. દીનદાવર ગઇયોમરદ ને મારી નાખેયાં તેથી દુનીયામે ખુદરતી અનધારૂં થયું હતું. જનબારી પોપતમે જીવ આવતાં, દાલી ઉપર એક પગે ઉભુ રહી બંદગી કીધી ને દુનોયાંમે ઉજાશ માગેયો. કુલે દુનીયાંમે ઉજરદાં ચોવીશ કલાકનાં પરેયાં હતાં. પાછી દુનીયાં રોશન થઈ એને (નવો રોશન રોજ સાલમુબારક) કરી ખુદરત અશોશકતીઓ શઉ કહે છે. તે પછી ગેહેનાં પંખેરાંઓ (૨૪) કલાકમે કમલ ફુલથી ઉતપન થયાં છે, તેમે ઓજીરવન ગેહમે જોરૂ લાલ નુરી પોપતનું ઉતપન થયું કમલ ફુલથી તેમે આદરયઝદ શેહેનશાહના તારામેનો જીવ જોરામે એક તારામેથી બે જીવો થોરા થોરા અંઉશો આવેયા હતા, તે પછી શતર પાયા બેહેસ્ત ઉતપન થયું. ખુદરતી દકશીને મોતીનાં ચોથા થંમ ઉપર તેમે મેશ, વરખ રાશી પુર્તનાં માલકથી બેહેસ્તને રાશી શઉ હતાં. તે લોકનાં શનશારી તન નહી હતાં તેથી આંખની ચશમથી ૭ બચાં પેદા થયાં હતાં તે પછી તેની ઓલાદ આગલ વધી છે. એ રાશી (મેશ નર) (વરખ નારી) કેવાએ છે એનું નામ અહુરમજદ અરશીશગ રાખીયું હતું પન એ તનમે જીવો તુલારાશી જે અગની ખુને તાલાનો પાહાર તે ઉપર તાંબાની ગોડી તેપર તેપર તેકનાં હીરાનો શવાર ખુદરતની આંખના પ્રકાશથી ૧૪ મી વારનાં કીરનથી ઉતપન થયાં હતાં. તે ગોડીમે જીવ તુલા રાશીનો હતો એ ગોડીનો જીવમેથી બે ભાગ બે અંઉશ જુતા પરી, મેશ વરખ રાશીમે આવેયા ને અહુરમજદ અરશીશંગ કેવાયા. એ જીવો કલજુકની હવાનાં હતાં પેતે જનમ લેતાં ઓલાદો વધી છે શતર પાયા બેહેસ્તમે તે નામો પારસીના રોજ ૩૦ ગનાએ છે, અંગ્રેહેમેનીયુંશ કલજુકે માંરી નાંખી તંનબી કાપી રાજ પાંચ હજાર ને શાતશો વરસ વાપરેયું છે હવે

મીનોઈ દુનીઆં ભરઇ ગઇ તારે ગેતી દુનીયાંની શોધ કીધી, તેમે બે હજાર વરસમે મીનોઇ ભરઇ ગઇ. જાનવરો, પંખેરાં, આદમો તેમે દેવ, દૈઈત, રાખશશો, જીન જીનાંતનાં શકિ એક હતાં.

ગીતી દુનીંયા રચાયા પછી જમશેદ પાહાદશાહને તુલાનીં હવાનો પાવર થયો ને ચાર તોલ્લા જુદા પારીહા છે, (આથોરનાંન પુર્વ પારસી) (રપેસ્તાંન પંન જે તંનનો મોતો ધરમ) એ પાંચ હવાનો તેથી મોતો ગનાએ;છે. નાંએરૂતીય ખુને એ તારો ઉતપંન થયો છે) (વાશતરીયો શાન વાવીયએ દેરાંનો ધરમ) (ઉતોશાન ઉતર શનીંનો ધરમ) બીજુ જમશેદ પાહાદશાહએ ઉપર લખ તેમ નવો રોશન રોજને દીવશે ગેતી દુનીંયાંમે પેહેલીજ પાંનીની નેહેર બાંધી તેથી જશન ફરૂત પુલ લઇ અંનજુમન બોલાવી બંદગી કીધી શારી શારી દુવાઓ ચાહી તેથી એ દીવશ ગેતી દુનીયાંમે જમશેદી નરોજ નાંમે ઓરખાએ છે, પંન મુરપાએથી રોશન રોજ કેમ ગનાંએ છે એની કોઇને ખબર નહી હતી, શઉયે મીનોઇ ફીરેશનો જોઇતો હતો, તેથી (મેહેઆબાદ)ના જીવે શઉને શમજ આપી છે, પારસી ભાઇયો જમશેદીનરોજ (નવો રોશન રોજ સાલ મુબારક) ગનો ને રોજ માંહાંનાં નાંમો હઈથી શરૂ કરો. ને આશમાંન ધરથી બંનધાયા પેહેલાં રાશતીરાશ હવાનો આંખ જેવો પ્રકાસ પુર્વ દીશાએ થયો) તે હવાની શેતારાઓની ઓલાદ વધી છે, એ રોજ મહીનાનાં નામો આએ ચોપરીમે આપેયાં છે એ જમશેદી નરોજથી રોજ માંહાં ગનો પન રોજ ખુરશેદ લેંન, ને સાલ યઝદેજરદી ૧૨૮૭મુ આવતા જમશેદી નરોજથી કેવાશે એમજ ચાલવા દેંન, મેહેઆબાદ એક જનંમે યઝદેજર બાહાદસાહ કેવાયો છે, શમજો કે આતલું તો દેખારેયુ કે જીવો પુનર્જનમ લીએ છે, ઓજીં રવંન ગેહેનો જીવ જમશેદ પાહાદશાહ કેવાયો છે તે પછીથી એનાં ચોઠા જનમે પારશીનો ધરમ લવનાંર જરથોસ્તપેગાંબર કેવાયો છે.

તારા મંદલથી જીવો પાછા જનમો પાંમતા ગયા તેમેથી નીકરતી જીવની હવાઓમેથી પાં હવાઓનાં તારા થયાં. પા હવાનાં જીવો જનમેયા શતરપાયા બેહેસ્તમે, આદમોનાં તંનમે અરઢી હવાઓ દુનીયાંમે ફરતી રહી. એ મુજબ પાછી દુનીયાં હશતીમે આવી. હાંસબાંમ ઉતપન થઈ બંદગી કીધી દુનીયાંમે ઉજાશ પરેયો પાછી દુનીયાં રોશન થઇ એને (નવો રોશન રોજ સાલ મુબારક) ગનવું આશમાને હવાનું રાજ રાશતીરાશ શલજુકનું થયું યઝદેજરદી ૧૨૭૭ મુ સાલ ઈશવી ૧૯૦૭ મુ સાલ આબાદીની હવા શલજુકનું રાજ પાછું થયું માટે પારસી ભાઇયો રોજ માંહાંનાં નામો વરસ જમશેદી નરોજથી ચાલુ કરો. તેમે રૂવાંનો ગુજર પામેલાનો રોજની બાધ આવતી હોએ તો જેમ ચાલુ રોજ હોરમજ બમન અરદીબેશ ગનો છેવો તેમ નવાં નામે અહુરમજદ બમન હોમ દેહેદાદાર આવાં અર-દુઇશુર એમ ગનો તે ઉપરથી લેવો. શમજ લેશો તો ખુદરત ધેયાન આપશે, તરશતી શાહેબોના મટ લેવો. પારસી અનજુમન બોલાવો મટ એક થવો. (કદમી ફશલી શેહેન-શાહી) શઉ એક મટ થાવો એક શરખો રોજ માંહાંનાં નામો ગનો બંદગી શઉ શઉની ભનો પન રોજ માંહાંતાં નામો સાલ શઉ એક શરખુ ગનો હેવો ખુદરતનો જબાપ મલે છે આએ લખાન રાશતીરાશ ગેબી માલેક દાદગર દાદાર અહુરમજે લખાવેયું છે પછી દર મહીને અહુરમજદ મહીનો ને અહુરમજદ રોજે રાશતીરાશને નામે જશન અનજુમનો મલી બનાંવો આએજ ચોપરીમે ખુશાલીનું આફરગાન આફરીન તનદરૂશતી તેમ બાજ ધરનું

પન ખુશાલીનું આપેલું છે પુર્વની રાશતીરાશ હવાથી મોત નથી. તે તો ઉતપનતીનો આલેક છે પછી પોતાનું ખુશાલીનું આબાદીનું ભનવાનું નોખુ લખાવેલું છે, એ મુજબ ભનજો, દુનીયાંની ઉતપનતી અમર રહે ને શુકાલ થશે. તેમ લરાઇયો રાજરજવારા ની શાનત થશે ને આબાદી અમર રેશે.

હવે ગાઠામે ગુજર પામે છે તે જે ગાઠા હોએ તે રોજ ગની તેનો ધરમ કરવો. જેમ બાર મહીનામે ભનાવોચ તેમજ ભનાવવું. જો પેહેલો ગાઠા હોએ અઠવા પાંચ ગાઠાંનાં દીવસમાં કોઇ પન ગાથાનો દીવશ હોએ તો તરત શરોશ બેશારવા. રૂવાન ગેરમે હોએ તેતલેજ શરોશ બેશારવા. બે બે મોબેદ શોરે શરોશ ભનાવવા. બરશનમ વગરનો બે મોબેદ શરોશ બેશે તેજ બે મોબેદો રૂવાન ને બેશારનું પઢે. રૂવાન ઘેરમે હોએ તાં શુધી (પતેત પશેમાનની રૂવાંનની) ભનાવવી આતશ શુખર ખુશબો શોજુ આપવું અગર લોબાન નહી આપવું અગરબતી નહી બારવી. હવરે તો શુધારો ધરી આફ્રગાન બાજ આગલ દશતુર મોબેદો બી અગરબતી બારે છે, પન એનેથી મેલી દોજખની વરતીયાની હવાઓ ઉલતે છે. માટે અગરબતીઓ નહી શલગાવી તેમ મીનબતી પન નહી બારવી એની શમજ હેની છે કે.

પાંચ હવાનાં (પન જે તન) ની હવાથી મધ માંખ છે ને તે માંખથી મધનાં પોરા બનધાએ છે, તેનું મંધ કારી લઇ ધુંછો પોરાનો રહે છે. તેનું મીન બને છે. પારસી ધરમ નોખો છે રાશતીરાશ હવાનો તો ભેગ હવાથી ઉતપનતી મધનાં પોરાની છે તો મીનબતી ધરમના કામમે નહી શલગાવવી. કેનશતીલાલશતમે ઘીની બતીનું ગલાશ મુકવું તેમે આકરો આકરો મુકી બતી કરવી. (બાબુની બીમરી) મુકી બતી નહી કરવી. ગીની બતી શાનતીની છે. (અમર છે) એ ખુશાલીનાં આફ્રગાનમે શુખર શાતે ભનાંવવું લોબાન નહી વાપરવું શુખર મુકીનેજ ખુદરતને જે અરજ કરવી હોએ તે કરવી.

ત્રન દીવશ રાતનું શરોશનું આફ્રગાન ભનાંવવું. પાની ફુલનું આફ્રગાન ભનાંવવું ત્રન દીવશ ભાંએ આગલ પતેત ભનાંએ એજ રાખવા. તેજ આતશ ઉપર ત્રન દીવશ રાતનાં શરોશ ભનાવવા. ભાંએ આગલ આતશ શુખર મુકી જારી રાખવા. જો શાંજનું ઉઠીયાંનું ઘેરમે ભને તો (આફ્રગાનીયું ખુમચી ચીપીગો ચમચ) ઉજારે પન ઉઠમનું ભનવા આતશ તેમેથી ભાંએ આગલનાં આતશમેથી લેવા. ઉઠીયાનું ભનઈ રહે પાછા ભાંએ આગલજ મુકવા. તેપર પાછલી રાતનું ઉઠીયાનું ભનાવવું આતશ પવીતર કરવા બંદગી ભનીને તેજ આતશ ઉપર ચારમને દીવશે આફ્રગાન ભનાવવું. અશતમ ભનાવવું જો કોઇને દશ દીવશ ભાંએ રાખવી હોએ તો એજ આતશ રાખવા તે ઉપર રોજ આફ્રગાન અશતમ બનાંવવું. જો ગેરમે બાજ ઇજે તો તેજ આતશ ઉપર ભનવું ચાર દીવશનું કે દશ દીવશનું ભનાયા પછી જો આતશ રૂવાનની ભાંએ આગલ નહી રાખવા હોએ તો ઘેરનાં બીજા ચુલામે મુકવો. ચોવીશ કલાક તેમે રાખવો. લાકરાં શુખર મુકીયા કરવું. ગેએ ગેહની કશતી કરી શુખર મુકવું. પછી બારવને સવારે નાંહી તે ઉપર એક આતશની નેયાએશ ભનવી પછી શુભ ચોગરીયું થાએ ને શુભમે પકાવાનાં ચુલામે આતશ લેવા લોઢા ચાર-

૧૦૦૮ જે કોઇ ગાઠામે ગુજર પામે છે તેનો ખુલાસો.

મનાં આતશ પર શેહેરમે અગીયારી મોકલે છે પન આદરયઝદ ફીરેશતો કમકમે છે, ને કદુવા દીએ છે, પાછું ગુજર પામે જીવ તેની ઉપર ધેયાન નહી આપે માટે ગેરનાં આતશ પર ઉપર લખેયું એતલી તદબીર કરી મેલવવા આએ લખાન દીનયઝદ શુકરશેતારો જે વીજલી છે. એ હવાએ લખાવેયું છે, તેમાં કુપાની શફેદ રંગની હવા બીજો અહુરમજદ જેનીથી આબાદીનો વરશાદ વરશે છે, ને દુનીયાંની આબાદી ફરૂત ફુલ મેવો ઉગે છે ને ધરમનાં કામમે વપરાએ છે, એ હોરમજ એ એશીશન ખુદા બીજો અહુરમજદ એ હવાએ આએ બદુ લખાવેયું છે. આદમોને જાનવા માતે ઉઠીયાં નામે ચારમમે વેજીતેરીયન પકાવી ને ભનાંવવું ઉઠીયાં નાની પાછલી રાતે પંખેરૂ મરગી ચાવલમે પકાવી બાજ શાતે ભનાંવે છે એ નહી કરવું તેમ ચારમનું પન ગોશનું જમાંનું નહી કરવું વેજીતેરીયન ભનાંવવું. માંશ મછી ઇદુ પંખેરૂ) રૂવાનનાં કોઇ પન ભનવામે નહી ભનાવો એ ભનાંવેયાથી ગુજર પામેલાંનો (જીવ) દેવ દૈઇત રાખંક્ષશ હેવી હવાઓને હાત જાએ છે. તેનો શારે ધેરે પુનરજનમ થતો નથી. હલકી વરનોમે જનમ થાએ છે, માટે જો ગુજરનાર જીવનું ખરે દેઇએ ભલુંજ ઇછતાં હોય કે શુખી ધેરે જનમ પામે કરીને તો વેજીતેરીયન પકાવવું ભનાંવવું શારૂ છે. આએ ખુલી શમજે દેખારેયું પછી માંનો તો આદમ નહી તો જાનવર શમજવાં. એક માસ ચાલુ રોજ દરૂન કરવા પછી માંશીશો કરી દર મહીને દરૂન ૧ વરસવેર બાજ આફરગાન અશતમ ભનાંવવું પાછું પાછલી રાતે દીવશને રાત પુરી થયા પછી પાછલી રાતે ઉશેન ગેહેમે પાંચ વાગા આગલ અશતમ ભનાવવું વેજીતેરીયન પકાવી દુધપાખ પુરી તરેલી તરકારી રોતલી શરબત પાની દુધ કારી ફરૂતની રકાબી મલીદો ચોખો એક રકાબી રેવા દઈ પાછલી રાતનાં અશતમમે મુકવો. આના જેવું નેયાંમટ બીજુ શું અશતમ ભનાવાનું છે (માંશ મછી ઇદુ પંખેરૂ) મેલો ખોરાક છે. દોજખની વરતીયાની હવાથી (બકરૂ મરગી ઇદાં) શઉ ઉતપન થયું છે. તેથી ખુદરત એ ખોરાક મેલો ખોરાક કરી ગને છે, ઝાહારનો ઉગેલો ખોરાક ભનાવો તેમ ખુશાલીનું આફરગાન મેબી ઇદાંનાં ભનાવો. બાજ અશતમે પન (ઇદાં માંશ મછી પંખેરૂ) નહી ભનાવવું શારૂ છે. પૈસો ખરચવો મેહેનત કરવી ને તે દેવ દૈઇત રાખક્ષશો જીન પરીયાં એ હવાઓ અંગ્રેહેમેનીયુંશથી છે. એ લોક એ હવાનું આવવું થાએ ને શોરમ લઇ બદમાશો ખુશી થાએ ને ધારી મુરાદ આદમોને ફલે નહી, પહેલું તો બંદગી ભનનારા દશતુર મોબેદોએ વેજીતેરીયન જમવું જોઇએ તે આતશનાં મકાન તેમ આદરીયાનમે શઉ બોએદેનાર મોબેદે વેજીતેરીયન જમવું જોઇએ. દારૂ મોવરૂં વાપરવો નહી. મેલી હવાથી મોવરાંનું ઝાહાર છે, તેથી મોવરૂં પીનાર તોફાન ગનું કરે છે, બને તો બરાંનદીન વાપરવો નહી બને તો દુધ પીવું શારૂં છે. મગજ શકતી શારી રહે. છમશી બે દીવશ નહી પન એક દીવશ ખરો દીવશે બાજ આફરગાન અશતમ પાછલી રાતનું અશતમ ભનાંવવું. માશીશો વરશી શીરોજે ૩૩-દરૂન મેવાનો મલીદો દારી ૧) ફરૂત ફુલ દારમરીનાં શરબત પાની બાજ ઇજાવવી શીરોજાની જોરાંનું નહી કરવું એકજ ગુજર પામે તેનુંજ કરવું.

નબલા ગ્રહેથી હરકત થતી દુર કરવા રાશતીરાશનું ભનતર પઢવું.

અગર હરકોઇ નર નારી મોતું અઠવા બચ્ચું હોએ તેને (ચંદ્ર) માને પીઠે ગોલો ઉતપન થયો હતો કમલ ફુલથી ઉતપન થતાં એ તેરમાં ફીરનની હવામે મકરની હવા ભેગ છે, એ જમ છે એને નબલો ચંદ્ર કરી જનાંવેયું છે, એ નબલા ચંદ્રની ચાલથી દુખ થતું હોએ તો મોની હોમ એશનો પેહેલો કરદો ભની દીન એશ માંદવી. રજશતામ, ચીશતામ, મજદાતામ, અશોનીમ યજમદે કરી પેહેલા કરદાથી દીનએશનું મંદાન કરી આખી એશ પુરી કરવી, પછી (મારો દશતગીર તું થા) એ મુજબ હોમ અશોશકતી નવ છે એને અરજ કરવી. પાછલી રાતે બે વાગેથી તે શવારે ચાર વાગા વેરમે ઉશેન ગેહમે ભનવું માઠાંવેરથી નાંહી શોજા ચોખાં કપરાં પેરી ભનવું.

જો કોઇ નર નારી કે બચાંને નબલા શુરીયની ચાલ હોએ એ નબલો શુરીય કેવાએ છે, ગઇયોમરદ શુરીય થઈ કમલ ફુલથી ઉતપન થતાં પીઠે ગોલો મીઠુન રાશીની કાલ હવાથી હતો, એને કલજુકે નબલો શુરીય કરી જોતીશ શાશતરમે જનાંવેયો છે, એ નબલા શુરીયની ચાલ હોએ તો ખુરશેદ એશ ભનવી (ખુરશેદમેહેરની નેયાશ એ ભનવાનું ભેગ હવાનું છે, તેથી જરથોસ્ત પેગાંમબરના જીવનો હવા શેતારો છે. આદરયઝદ શેહેનશાહ એ હવાએ આએ લખાન લખાવેયું છે, શવારે ઉઠી નાંહી માઠાંવેરથી ચોખાં કપરાં પેરી ઉગતા શુરજ આગલ ઉભું રહી ભનવું. શરોશ બાજ ભની ને ખુરશેદ એશ ભનવી કે દબલ મદદ અશોશકતીઓની પુગશે.

જો નબલા રવીની ગ્રેહે ચાલ હોએ તો, આવાં અરદુઇશુરની નેયાએશ (હાતમચનાં હા.) શાતની રોજ શવારે માઠાંવેરથી નહી ચોખા કપરાં પેરી હોસબામ ગેહેમે શુરજ ઉગેયા પેહેલાં ભનવી દરેક બંદગી લખી છે એ ભનીને ચાએ પીવી. તેમે વેજીતેરીયન જમે તેને બંદગીનો ફાએદો જલદી મલે છે.

જો નબલો ગ્રેહે શોમ એની ચાલ હોએ તો તે દુખી થતાં હોએ તો, ઓજીરવન ગેહેમે માઠાંવેરથી નાંહી ચોખાં કપરાં પેરી આતશની નેયાએશ ચાર ભને રોજ ચાર આતશની નેયાશ ભને, મોતી માહા દશા કે અંતર દશા નબલી હોએ ને દુખી થતાં હોએ તો રોજને રોજ ભનીઉ દરેક ગ્રેહેમાં જેને જેબી ગ્રેહે દુખ દીએ તાં સુધી ચાલું રાખવું. દશા ઉતરે તે બન કરવું પછી જે દશા દુખ દેતી બેશે તે ભનતર ચાલુ કરવું દરેક જુદી કશતીએ ભનવું એક કશતી કરી બદુજ નહી ભની જવું તેમ રોજનું ફરજેયાત બંદગીબી જુદી જુદી કશતીએ ભનવી દરેક એશો તેમ નેયાસોબી ભનવી.

જો નબલા મંગલની ચાલ હોએ તો મંગલવાર છે, વારથી ગ્રેહે છે. તેમ મંગલ ગ્રેહે બી છે, મંગલ શેતારોબી છે. એ ત્રને અંગ્રેહેમેનીયુંશ કલજુકનીજ હવાથી છે તો (૯૮) આતશની નેયાએશ રોજની ભનવી શારી છે, એ અંગ્રેહેમેનીયુંશ છે, આતવારથી ૭ દીવશ વેર રોજ (૯૮) ભનવી. જમાંનું વેજીતેરીયન ભની નાંહીને જમવું.

જો નબલો બુધ હોએ તો ખોરદાદ એશ ભનવી. અંગ્રેહેમેનીયુંશ કલજુકથી બુધવાર છે, તે વારની હવાથી બુધ ગ્રેહે છે, એ બુધ ગ્રેહે જનમેજો સરપ હતો. બે મોહો નાનો એનું આગલું મોનું રાહુ નર છે. એનું પાછલું પુછરે મોનું નારી કેતુ છે, માટે રાહુ કેતુ-ની દશા હોએ દુખ દેતું હોએ તો ખોરદાદ એશે તેપર પન ભનવી.

શારો બુધ શેતારો રાશતીરાશને કહે છે, એ લાભ શેતારો છે, તેથી બુધવારે શવારે પેહેલું ને શાંજે છેલું ચોગરીયું લાભ કેવાએ ગનાંએ છે.

જે કોઈ આશામી નર નારી બચ્ચું નબલો ભેસ્પતી હોએ વાર ગ્રેહે તો તેને અહુર-મજદ એશ ભનવી અશેમવહુ ૧૧) ભનવી અહુનવર ૧૦ નહી ભનવા તેમ (નેપાયોન-મસીમ ઓરૂવતેમ) એ કરદો નહી ભનવો; એ ભેગ હવાનું ભનવાનું છે તેથી ખુદરત ના કહેછે અહુરમજદ એશની નીરંગ (૧ વાર) ભનવી.

શારો ભેશપતી રાશતીરાશ લાભ પોતે છે, એનાં હાત આશમાન ધરથીની લગામ છે પુર્વ ધુરૂવીનો તારો ભેશપતી છે, એ આતશ શુભ ભેશપતી શારો કેવાએ છે, દરીયાનાં વાંહાંન ઈશતીસરો એ પુર્વ ધુરૂવીયનો તારો જોઇને એ શાંઇનથી હકારે છે, દરીયામે તોફાન વખતે એ તારાની મદદ માગવી જોઇએ, એ ધુરૂવીય આતશપાહાદશાહ આદરયઝદ શેહેન-શાહનો તારો છે. પોતાની હવાઓ નેરીયોશંગો શાતે મદદ પુગારે છે, શારૂ હશી ખુશીથી કામ પાર પરે તો જશન એ નામે બાજ અશતુમ પરેજી ભનાવવું.

જો નબલો શુકરવાર ગ્રેહેની ચાલ હોએ તો, મોતી અફતરંગ એશ ભનવી શારી છે, ઉશેહેન ગેહેમે પાછલી રાતે બે વાગા પછી શવારે પાંચ વાગે એતલા વખતમે નાંહી ચોખાં કપરાં પેરી ભનવી શારી છે.

શારો શુકર શેતારો આદરયઝદ શેહેનશાહ એ રાશતીરાશની હવાથી શેતારો છે, એ તારાનો જીવ જરથોસ્ત પેગામબરનો હતો, એ શેતારો અગની ખુને દકશીન દીશાએ ઉતપન થયો છે, એ કુપાની ગોલાબી હવાનો તારો શારો શુકર શેતારો કેવાએ છે, એનેથી ઇશાન ખુનેથી દકશીનવેર અરજ એ ગોફો બનધાએ છે તેથી પુર્વ ગોલાદ ને પશચીમ ગોલાદ

જુદુ જનાંવેયું છે, એ (અરજ એ ગેફાને) ચીનવક્ષપુલ કરી પારસી ધરમમે જનાવેયો છે, ધરથી આશમાન બનધાયા પેહેલાં ઉતપન થયા છે તેથી બાજ આફ્રરગાનમે એ ગોફા બે (અરજએ) (શવએ) પેહેલી ભનાએ છે, પછી આશમાનનાં (આઠ) (થમભો) ભનાએ છે (ફ્રરદફ્રશ વીદફ્રશ કરી) ભનાંએ છે.

જેને નબલા શની વાર ગ્રેહેની દશા હોએ તો આતશની નેયાએશ એવેશરૂથરેમ ગેહેમાં પેહેલી રાતે આઠ વાગે ભનવી રોજની (૩૩) ભનવી. ભનીને નાંવું ને દુધ પીને શુવું જમવું નહી શનીવાર રાશી ૩૩ ફ્રુતની ઉતરે ખામે ઉતપન થઇ છે એ મેલી હવા અંગ્રેહેમેનીયુંશથી છે તેથી ભનીને નાંવું માહાદશા હોએ તો રોજ ૩૩) ભનવી અંતરદશા હોએ તો શનીવારથી ૭ દીવશ ભનીને નાવું. વેજીતેરીયન જમવું માહાદશા વાર કેવાએ ને વારની હવાથી ગ્રેહે ઉતપન થયા છે એને અંતર દશા જનાંવી છે.

ચોગરીયાંનો કોઠો આપેયો છે.

દીવશ રાતનો એની શમજ એવી છે કે જે વાર હોએ રવી, શોમ, મંગલ, બુધ, ભેશપત, શુકર, શની, તેમે દીવશનું ચોગરીયું શુરજ ઉગેયા પછી ગનાએ છે, દોર દોર કલાકનાં એકેકાં ચોગરીયાં ગનવાં. રાતનું ચોગરીયું શુરજ અશત પામેયા પછે દોર દોર કલાકનું ગનવું હેવાં હેવાં (દીવશનાં આઠ) ને (રાતનાં આઠ) ચોગરીયાં ગનાંએ છે.


આએ લખવાની મકશદ એ છે કે રોજની ફ્રરજીયાદ બંદગી પાછલી રાંતે હોશબામમે શવારે શાંજે રાતે ભનો તો શારૂં ચોગરીયું જોઈ ભનો તો વધારે લાભકારી ભનેલું બંદગી કીધેલી કેવાએ (લાભ, અમરૂત, ચલ, શુભ) એ ચીગરીયાં શારાં કેવાએ છે એ ચોગરીએ નવજોત લગન પન કરવાં શારાં છે, શારાં ચોગરીએ શારૂં કામ કરવું જેવું કે ઘેરનો પાયો નાંખતાં. ઘેરનું વાશ મુરત કરતાં ઘેર ખાલી કરી નવે ઘેર જતાં નવું કામ કાંઇબી કરવું તેનું મનદાન કરતાં નવો ધનધો કરતાં નવી નોકરીએ જતાં રાશતીરાશને નામે જશન ખુશાલીનું ભનાંવતાં, નંવું ઘેરનું વશાવતા નવો વાગો ભલાઇનો વસાવતા, નવું કપરૂં વેતરતાં એ શરવેમાં ભેસપતવાર, સોમવાર ઉતમ ગનાંએ છે, (નીરંગો લખીને પીળી) તેમે પંન ઉપર લખેયાં એ શારાં ચોગરીયાંમે કામ કરવું મેહેનત કીધેલી શફલ ઉતરે (કાલ, રોગ, ઉડવેગ) એ ચોગરીએ કાંઈ પંન શારૂં કાંમ નહી કરવું તેમ શુભ ચોગરીએ આતશની નેયાએશ ભનવી. આતશ પરથવા એ પર ધેયાંન આપી આલો નેક દુવા આંમીન.

દિવસનાં ચોઘડીયાં.

રવી.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુકર.	શની.
ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ	શુભ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ
અમ્રત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ	શુભ	ચલ
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત
ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ

રાત્રીનાં ચોઘડીયાં.

રવી.	સોમ.	મંગળ.	બુધ.	ગુરૂ.	શુકર.	શની.
શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ
અમ્રત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ
ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ	શુભ
રોગ	લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત
કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ	શુભ	ચલ
લાભ	શુભ	ચલ	કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ
ઉદ્વેગ	અમ્રત	રોગ	લાભ	શુભ	ચલ	કાળ
શુભ	ચળ	કાળ	ઉદ્વેગ	અમ્રત	રોગ	લાલ











બાજ રાશતીરાશ દાદગર દાદાર અહુરમજદની.

(આતશ ઉપર સુખર મુકી ભણવી.)

યઝદાં દાદગર દાદાર અહુરમજદ* પંનાંમે યઝદાંન, અહુરમજદ ખુદા, અમર આબાદી, પાક રેહેમી દાદાર અહુરમજદ, બખસાયંદે* બખશાહ યઝગર* મેહેરબાંન શતિય મનશની* શત ગવશની* નેક કાંમ, નેક કુનશની* કુશતી તાંની રેવાંની* ગેતી* મીનોઇ અમર આબાદી, હમો સરવ આબાદી પ* પતેત હોમ*


ખશનેથરે* અહુરહે મજદાવ* નેમો અહુરાએ મજદાએ નોમે અહુરાએ મજદાએ* નેમોહમેશેબીયો* શપેનતેબીયો નંમુચ રાશતીરાશ દાદગર દાદાર અહુરમજદને* અશેમ વહુ* (૧)

[શતીય આબાદીનો પ્રકાશ તુ નીરજન નીન આકાર એકજ છે].

(ઉપર લખેયું છે એબાજ* લઇને નીંરગ લખવી જે નીંરગમે અહુરમજદની બાજ હોએ તે નીરંગો કરવી હોએતો એ બાજ લેવી માંદાંવેરથી નાંહી ચોખા કપરાં પેરી નવાં શુતરઉને નીંરગ કરવી, શોમવાર આખો દીવસ ને રાત પુરી થતાં રાતે* બે* વાગેથી* તે શવારે પાંચ વાગા વેરમે ઉશેન ગહેમે કરવી, એમે શાહી કેશરની લેવી* (લખી ધોઇને પીવી)

(નીરંગ કરી રયા પછી બાજ મુકવી)

હુમંતનાંમ* હુખતનાંમ* વરશતનાંમ* હીનઆબાદી રાશતીરાશની* દાદગર દાદાર અહુરમજદ અશોબેહ અમર આબાદ બેરેશાદ* અશેમ વહુ ૧



બાજમીંનો નાંવરની રાશતીરાશની જેને આંખનું દુખ હોએ તેને એ બાજ લઇ નીરંગ કરી પીવી* (આતશ ઉપર સુખર મુકી ભનવું)

પનાંમેયઝ જહાંન* ખુદરતેરાશ* અવજુની* ગોર જે ખોરેહ અવજાદયાદ* રાશતીરાશ* અમર આબાદ* મીનો નાંવર બેરેશાદ* મનશની* ગવશની* કુનશની* અમર આબાદી પશેમાંન પશે ગવશની* પ* પતેત હોમ* ખશનેથરો અહુરે મજદાવ નેમો અહુરાએ મજદાએ* નેમે અહુરાએ મજદાએ નેમો હમે શેબીયો* શપેનતેબીયો* નંમુચ રાશતીરાશ અમર રોશની* મીનો નાંવરને* અશેમવહુ (૧૧)*

અગીયારનો તરીકો તેમે ખુદરત લખક્ષમી ૭ અમશાશપંદો ગેબી માંલેક ને નીરંજન નીરાકાર એ છે, (આતશું ભની નીરંગ લખવી. પાચ૦ જાવત્રી આખી ગરમ ચોખું પાંની કુવાનું ગરમ કરી ભીજવી આંખનું દુખ જાવંત્રીની શાહીથી જશે હેવો રાશતીરાશનો જબાપ છે, મીનો નાંવરનો, એ નીરંગ બેશપતવારનો આખો દિવસ પુરો થતાં રાતબી પુરી થતાં ઉશેન ગેહેમે પાછલી રાતે તન વાગા પછી લખવી) ને પીવી ને લખીને પંન પાસે રાખવી ચોખાઇથી જો શાહી બનાંવા કુવાનું પાંની નહી બને તો નલનું ઉલી લેવું પન માંહાં વેરથી નહી ચોખાં કપરાં પેરી નીરંગ પાખ વંગે બેસીને ભંનીને લખવી. પીધા પછી (ગોશ બછી ઇંદુ પંખેરૂ) ૧૧ દીવસવેર નહી ખાવું પરેજી જમવું વાંઇન નહી પીવો આપરા હાતનું પકાવેલું ચોખું જમવું (હેવું દરેક બાજમાં લઇ નીરંગ કરો તેમે ૧૧ દીવસ વેજીટેરીયન જમવું તો તરત ફાએદો જનાશે. (નીરંગ લખી* પી* ને બાજ મુકવી.)

હુમતનાંમ* હુખતનાંમ* હુવરતનાંમ* રાશતીરાશ અમરઆબાદ* મીનોનાંવર બેરેસાદ૦ અશેમ વહુ (૨)

ખુદરત લખક્ષમીની મંદદ પુગશે રોશની પ્રકાશની ને દુખ સારૂ થશે આંખનું.

બાજ અફતરંગ અમશાશપંદોની લેવી.

પનાંમેયજદાંન અહુરમજદખુદા અમરઆબાદ પાકરેહેમી દાદગર દાદાર અહુરમજદથી અફતરંગો અમશાશપંદો અમરઆબાદ બેરેશાદ મંનંશનીં* ગવશનીં* કુંનશનીં* એકીન કુશાતી તાંનીંરવાનીં* ગેતી* મીનોઇ* અંમરઆબાદી* તમો શરવે આબાદી* ૫* પતેત હોમ* ખશને-થરો* હવરેમજદાવ* નેમો અહુરાએ મજદાએ* નેમો અહુરાએ મજદાએ* નેમો હમેશેબીયો* શપેનતેબીયો* નમુંચ અશો રાશતીરાશથી અંમર આબાદ અંફતંરંગો અમશાશપંદોને આબાદીની અશોશકતીઓને* અશેમવહુ ૭)*

ઉપર લખી એ બાજ લઈને નીરંગ લખવી. જે નીરંગ એ અફતરંગો અમશાશપંદોની બાજ લઈ કરવા લખી હોએ તોએ બાજ લઇ લખવી. શોજું શુખર મલબારીની શલી લઈ ઓરશીયા ઉપર અઠવા કાઇ પડર ઉપર ગસવું માંકાં વેરથી નાંહી ચોખાં સુતરાઉ કપરાં પેરી ચોખી તાંમરી કુવાનું પાંની કારવું. તેમે ગશવું નહી કુવો હોએ તો નલનું પાંની જીલીને લેવું ને શુખર ગશવું. તે શાહી જેવું ગટ રાખીને નીરંગ લખી સોનાં વાશનમે કુવાનાં પાંનીથી પીવી. એની શમજ એ છે કે આબાદીની હવાનાં માંલેકથી નીરંગો દુખ દરદ શાફ કરવાની છે, ને ભેગ હવાથી તાવીજે છે, વાવીય પુર્વની તેથી ખુદરતે જેમ લખાયેલું છે તેમ લખી છે એજ મુજબ જેની બાજ લઈ કરવી હોએ તેની શાહી બનાંવી કરશો તો ફાએદો થશે, બીજું દરેક નીરંગો કરતી વખતે આતશ તાંબાની રેકાબીમે. રાખ લીધા વગર અમથા ગાંગરા આતશનાં લેવાં તે ઉપર શુખરગનાં શરશ શોરમનું મીઠાવાસનું મંગજ તર થાએ હેવું મુકવું નીરંગ કરી રહી મુરાદ ચાવી હોએ તેમે પંન શુખરજ મુકવું (લોબાન નહી વાપરવું)

એ નીરંગ ભેશપતવાર આખો દીવસને રાત પુરી થયા પછી પાછલી રાતે ચાર વાગે નાહી ને શોજે ચોખે વગે બેશીને લખવી, દુર બેઠેલાંનો, તેમ પરજાત દુર વંનનો આરો નહી લેવો, એકાંત બેશી શાંત મંગજે લખવી, ને દરદીને પાવી જો તે જાતે લખીને પીએ તો વધુ ફાએદો થશે, ખુદરત ઉપર એક ચીત રાખી શાંનતીથી બેશી લખીને એ કામ

દરેક નીરંગોતું કરવું. નીરંગ લખી રહી ધોઇને પી લેવી, પછી શુખર મુકી મુરાધ ચાવી જેની બાજ લીધી હોએ તેમને યાદ કરી નમશકાર કરવો કે દુખ શારૂ થાએ, તો જશન ભનાંવશે, આફ્રગાન બાજ (અશતમ) ભનાંવું તો પરેજી ભનાંવું, તેમ બાજ આફ્રગાંનમે ઇદાં, વાંઇન નહી ભનાંવો એકીન શતીય રીતે એકજ તે ખરો છે કરી રાખશો તો એકજ વખતમે ફાએદો જોશો, હવે પેલા આતશની રખેયા રવા દેવી. આતશ ચુલામે ચીપીયાએ ગાંગરા ચીનંગારી ઇલવવી ને રખેયા જે શુખરની પરે તે રેવા દેવી. ધાતુની કે પતરાંની દાબરીમે, ઘરમે કોઇને નાંલાં, મોતા, ગરડાં ને અનચીતું રાતે કે, દીવશે, અચણુંચ દુખ થાએ તો ચંમતી ખવરાવવી (આએ નીરંગો ખરા જીગરથી જો જાતે કરશો) તો તેમે ફાએદો ગનો જોશો, ગનાંજન મોબેદોને કહે છે ને વાપરે છે. પંન જાત મેહેનતે કરવું રંગ રાગથી ખુશીથી કરવું એ ફાએદો જુદોજ ખુદરતનો મલે છે, દુનીયાંમે હવાઓ તે વખતે હાજર થઇ કામ કરે છે. પાખ રીતે નહી ચોખા ઓરદામે પાખ રીતે કામ કરવું તાં આતશ ઉપર શોજું શુખર મુકાયું કે આબાદીની હવાઓનો ફરવાનો વખત પાછલી રાતે બે વાગા પછી સુરજ ઉગે તાં વેર તો તરત હવાઓ હાજર થઇ મદદ કરશે પંન એકીન એક રાખજો.

(બાજ મુકવી.)

હુમતનાંમ* હુખતનાંમ* વરશતનાંમ* રાશતીરાશ આબાદીની હવાનાં અંમર અફતરંગો અમશાશપદો અમર આબાદ બેરેશાદ, અશેમવહુ ૧૧).

બાજ હોમ અમર પાહાદસાહઓની લેવી.
નંવ હવાનો શેતારો હોમ કેવાએ છે.

રાશતીરાશ* દાદગર દાદાર અહુરમજદ અમર આબાદથી હોમ અમર પાહદશાહઓ* અમર આબાદ બેરેશાદ* અમંર મંનશની* શત ગવશાની* નેક કુંનશની* કુશાતી* તાંની રવારા* મીનોઇ* ગેતી* અમર આબાદી* આશમાંન* ધરથી* પાહાર પાંનીં* અમર આબાદી* તમો શરવે આબાદી* પ* પતેત હોમ* ખશનેથરો અહુરેમજદાવ* નેમો અહુરાએ મજદાએ* નેમો અહુરાએ મજદાએ* નેમો હમેશેબીચો* શપેનતેબીચો* નમુચ અશો રાશતીરાશથી* નવ* હવાનાં હોમ પાહાદશાહઓને* નેક આબાદીનાં અશોશકતીઓને અંમર આબાદ બેરેશાદ (અશેમ વહુ ૯)

(ખુલાસો)

એ નીરંગ આતવારનો આખો દીવશ ને રાત પુરી થતાં પાછલી રાતે પાંચવાગે હોસબાંમ ગેહેમે લખવી, એ શાહી કેશરની કરવી નાહી માંકા વેરથી ને કરવી ને લખવી ઉપર જનાવેયું તે મુજબ આતશ દરેક નીરંગો લખતાં લેવો જુદો આતશ લેવો તે રખેયા રેવા દઇ કોઈ બી દરદીને ચંમતી ખવારશો તો દુખ શારૂ થશે (પંન માંશ મછી ઈંદુ પંખેરૂ) નહી ખાવું ૧૧ દીવશ વેર વેજીતેરીયંન જંમવું દરેક નીરંગ કરતાં.

(નીરગ કરી રયા પછી બાજ મુકવી).

હુમતનાંમ* હુખતનાંમ* વરસત નાંમ રાશતીરાશ* આબાદીનીં હવાથી* હવાઓ* નવ હવાનાં હોમ અમર પાહાદસાઓ* અમર આબાદ બેરેશાદ* અશેમ વહુ ૯)* (એ મુજબ શરોશઅશો કરી બાજ લેવી.)

બાજ આતશપાહાદશાહ આદર શેહેનશાહનીં.

યઝદાં દાદગર દાદાર અહુરમજદ* બનાંમે ખોદા* બંનાંમે યઝદ બખશાએદે* બખસા યઝગર* મેહેરબાંન અમર મેહેરબાન* અમર ખુદરતું* રાશતીરાશ આબાદીનીં હવાઓ* આતશ પાહાદસાહ* આદર શેહેનશાહ* અમર આબાદ* શતીય મનશાની* શત ગવશાની* નેક કુનશાની* તુથી* કુશાતી* શાદરો ગીરેબાન શત એફ્રીનનીં અમર આબાદી* રાશતીરાશથી* અમંર આબાદી* આશમાંન* ધરથી* પાહારપાંનીં* ઓરવરો* માંહાં બોખતાર* ખુરશેદ* એ શરવે ઉપર આફત વખતે* મદદ તારીઓ ખુદરત* આતશ પાહાદસાહ* આદર શેહેનસાહ* નવ હવાનાં આતશ નેરીયોસગો*

તમો હેરેમદઇ* દુર કરનાંર* હેરેમદઈ દફે કરનાંરાઓ* હેરેમદઇ શેકશતે કરનાંરા* હેરેમદ હલાક કરનાંરાઓ* રાશતીરાશ આબાદીની

ઉતપનતીને મંદદ કરનારાઓ* એશીશતંન ખોદા* આતશ પાહદસાહ* આદર શેહેનશાહ* આતશ નેરીયોશંગો* તેજ મુજબ આએ નીરંગ કરતી વખતે તુ અમર આબાદીનાં ખુદરતનીં અશોશકતીઓનીં મદદ પુગો* ને દુખ શારૂં કરો* ૫ પતેત હોમ* નેમો અહુરાએ મજદાએ* નેમો અહુરાએ મજદાએ* નેમો હમેશેબીયો શપેનતેબીયો* નમુચ આતશ પાહદસાહ* આદર શેહેનશાહ* આતશ નેરીયો શંગ શાહેબોને*

[એતલુ ભની આતશપર શુખર મુકી એતલું ભની નીરંગ કરવી]

[નીરંગ કરી બાજ મુકવી]

હુમતનાંમ* હુખતનાંમ* વરશતનાંમ* રાશતીરારા* દાદગર દાદાર અહુરમજદનીં દીન જરથોસ્તી દીન અમર આબાદ બેરેશાદ*

અશેમ વહુ ૩૧).

[બાલકોને શુદરેહ પેરાવે તારે ભનાંવવી.]

અવસતાની નીરંગો.

નીરંગ નીઆએશ તથા ઈઅશત પઢેઆ પછી પઢવાની.

દેનીઆ‌ુ વંધાહીઆ‌ુ માજદીઅસનોરસ* દીન બેહે રાસત* વ દરૂસત કે ખોદાએ* બ ખલક* ફરેસતા દેહ* દીન અસત કે જરથોશત આવોરદેહ અસત* દીન દીને જરથોશત દીને અહુરમજદ દાદે જરથોશત* બેશક બેગોમાંન* રાસત દીન જરથોશત સપેંતમાન* સેપાશ ઈઅજદાંન* બ દરગાહે તો હજારાં હજાર* બેવર હજારાં હજાર* સેપાસ મીકુનમ* કે દર દીને જરથોશત* મરા મરા બેકરદ તા અજ બરકતે દીનેઓ* મંન દર ગરોથમાંન* એકીન ખાહમ શુદ* એકીન ખાહમ જુમલે બસત કુસતીઆંન* હફત કેશવર જમીન* નેકો કરદારાં બા મા હમાજોર બાદ* ઈઅક અજમા* સમાન હજાર બાર* (બેત) કબુલત બાદ એકસર પોજશેમા* બ રેસાનદ રસાદ આં-મોરજશેમા* ગોનાહ ગોજારશને* કેરફેહ અવજ ના* અશેમ વોહુ (૧) [વાર ૩ પઢે].

નીરંગ છીંક આવ્યા પછી પઢવાની.

ઇઅથા અહુ વેરીઓ (૧) અશેમ વોહુ (૧) શાદ બાદ ઇઅજદ આંમદ બ રાદીઉ રાસતી હુરગાહ ઉ હુરજમા દરૂજ તન મા શેકસતે બાદ* શેકસતે જદ બાદ* આહારેમન ગજસતે* ઓ વરજ ઓ ખોરહે અવજાઇઆદ અહુરમજદ બેહે અવજુની સતોમે અશેમ* અશેમ વોહુ (૧) (વાર ૩ પઢે.)

નીરંગ નસાસાલાર નસોદખમાંમાં મુકી બાજમાં પઢે છે તે.

બુલંદ અસપંદારમદ અમેશાસપંદ* ગાહાંનચ બરદાસતંન અઇઓ ખશસત રસાંનીદંન* હમચુન કે ફરમાઇ કરદંમ* અહુરમજદ અમેશાસપંદાંન રૂ બતો કુનદ*

નીરંગ કુશતી વેતરવાની.

{ હેરબદ એક પાદીઆબ કુશતી કરી સરોશ }
{ બાજ અશહે સુધી ધરે પછી એ નીરંગ પઢે* }

વોહુ મનંઘહ ઇઆ અખશતોઇરૂશ* અશહેચ ઇઆ વહેશતહે* ખશથરાચ ઇઆ વેરીઅ* ફરા સતોતેમ* વચો ઇઅશતેમ* જરે માનીઆઇ વચ સરોઇઆઇ* નરેબીઅસચ* નાઇરેબીઅસચ* અશોનો જરથોશતર મરોદ* વચો જરથોશતર અહમાકેમ* ઇઅસનાઇચ* વહમાઇચ* ઇઅદ અમેશનાંમ સપેઅંતનાંમ* ઇઅથ તે અંઘેન ઇઅસતાઉ આપો* ઇઅસતાઉ ઉરૂઅરાઉ* ઇઅસતાઉ અશોનાંમ ફરૂઅશીઓ* ઇઓ અશતે મેનીઅઊિઅનાંમ ઇઅજતનાંમ* ઇઇવહે હેથીઆ વરેશતાંમ* ઇઓ વંઘોજદાઉ અશુઅનો અશેમ વોહુ (૧)

{ અહુનવર એક પઢે શીઓથેનનાંમ પઢતાં કુસતી }
{ વેતરે પછી અહુનવર તમાંમ કરે પછી બાજમાં પઢે* }

સરોશ અશો* તગીતંન ફરમાન* શેકફત જીન* જીના અવજાર*

શાલારે દામાંને* અહુરમજદ બેરેસાદ રદુન બાદ (પરગટ પઢે) ઇ-
અથા અહુ વેરીઓ (૨) ઇઅસનેમચ* વહમેમચ* ઓજસચ જ-
ઊઅરેચ આફરીનાંમે* સરોશહે અશીઅહે* તખમહે તનુ માંથરહે*
દરશી દરોશ આહુરીઅહે* અશેમ વોહુ (૧) અહમાઈ રેસચ*-
હજંધરેમ*-જસમે*-કેરેબા મુજદ*-અશેમ વોહુ (૧)

નીરંગ કેશ પરહેજવાની.

ચેઆર આંગલ પરમાંણે ખાડો ઊંડો ખણીને બા-
કી પોહોલો ખણી રેખા (૩) અહુનવર (૩) પઢ-
તાં કાહાડીને તે ઠેકાંણે વચે કેશ મુકીને સરોશ
બાજ અશાહે સુધી ધરેઆ પછી એ નીરંગ પઢવી*

અદ અખીઆઈ અશા મજદા| ુ ુરુઅરા| ુ વખશદ* (બાજમાં પઢે) સરોશ અસો* તગીતંન ફરમાંન* શેકફ્ત જીન* જીના અવજા-ર* સાલારે દામાંને* અહુરમજદ* બેરેસાદ* રદુન બાદ (પરગટ પઢે) ઇઅથા અહુ વેરિઓ* (૨) ઇઅસનેમચ* વહમેમચ* ઓજસચ* જ-ઊઅરેસચ* આફરીનાંમે* સરોશહે અશીઅહે* તખમહે તનુ માંથ-રહે* દરશી દરોશ આહુરીઅહે* અશેમ વોહુ (૧) અહમાઈ રેસચ*-હજંવરેમ*-જસમે*-કેરેબા મુજદ* અશેમ વોહુ* (૧)

નીરંગ નખ પરહેજવાની.

ચેઆર આંગલ પરમાંણે ખાડો ઊંડો ખણીએ બા-
કી પોહોલો ખણી રેખા (૩) અહુનવર (૩) પઢ-
તાં કાહાડીને તે ઠેકાંણે વચે નખ મુકીને સરોશ
બાજ અશાહે સુધી ધરેઆ પછી એ નીરંગ પઢવી*

અશા વોહુ મનંઘહ* ઇઆ સરોઇઈ* વેરે મગોનો* પેતે તે મરે-ગે* અશો જુશતે રમા| ુ* સરૂઆ| ુ વેદીઈમે* રમા| ુ સરૂઆ| ુ આઊઈ દાઈમે* રમા| ુ સેતે સરૂઆ| ુ* મરેગે અશોજુશતે હીઆરે અરશતી-અસચ* કેરેતીઅસચ* થનુઅરેચ* ઇશુઅસચ* રરેજે ફીઓપરેન અસનચ ફરદખશનીઅ પેતે દઊઓ માજેનીઆંન* અશેમ વોહુ* (૧) (બાજમાં પઢે) સરોસ અશો* તગીતન ફરમાંન* શેકફ્ત જીન* જીના અવજાર* સાલારે દામાંને* અહુરમજદ બેરેસાદ રદુન બાદ* (પ્રગટ પઢે)

ઇઅથા અહુ વેરીઓ (૨) ઈઅસનેમચ* વહમેમચ* ઓજસચ* જઊ-અરેચ* આફરીનાંમે* સરોશહે અશીઅહે* તખમહે તનુ માંથરહે* દરશી દરોશ આહુઈરીઅહે* અશેમ વોહુ* (૧) અહમાઈ રૈસચ*—હજંઘરેમ* જશમે*—કેરેબા મુજદ* અશેમ વોહુ (૧)

દસતુરી બરશનુંમ દેતાં તથા નસાસાલાર પઢે છે તે.

બ દસતુરી દાદાર અહુરમજદ* બ દસતુરીએ અમેશાસપંદાંન* બ દસતુરીએ સરોશ અશો* બ દસતુરીએ જરથોશત સપેંતમાંન* બ દસતુરીએ દસતુર આંજમાં કે બુદહ બાશદ*

શએતાન બાજી પરહેજવાની હકીકતનો સાર દસતુર દારાબ પાલનનાં ફરજીઆત નામાની કેતાબ મધેથી.

જાણવું કે જે ધણીને શએતાનઆજી થાઈ હોએ તેઆરે તે શખશને સેતાબ તે બાજી પરહેજવી જોઇએ. જે જગો કે શુકી ખાકની હોએ તથા સારી ભરેલી હોએ તેહેવી જગો ઉપર તે બાજીને પરહેજ કરવી મુનાસેબ છે કે તે શુકકી તથા મીટીની જગા ઉપર પોતાના ડાબા હાથમાં પેલાં ખરાબ થએલાં કપડાંને પકડીને નીરંગ કરીને તે બાજના ડાઘોને બુના બેખથી ધોવા જોઇએ અને તે ધોયા પછી તેજ વેળાએ પોતે એક હાથમાં પથરાનો ફકડો પકડી જમીન સાથે પેવંદ રાખેઆથી બાજી પરહેજવાની નીરંગ સારી રીત પદે અને તે પઢી રહેઆ પછી “ ખશનોથર અહુરહે મજદાઓ અશેમ વોહુ ” (૧) પઢીને તનથી કપડાં દૂર કરીને તે ધણીએ સેતાબ ગોસલ ઉતારેઆની જગા તરફ બેસવું જોઈએ અને તેજ વખતે ડાબો હાથ માંથા ઉપર રાખીને “ અશેમ વોહુ ” (૩) થી સરોશ બાજનું મંડાણ કરે છેક અશહે સુધી પરગટ પઢે પછી તમાંમ તનને નીરંગ લગાડે અને ખુબ તરેહથી સુકવે પછી તેજ વેળાએ ગોસલ કરીને કપડાં પેહેરે .અને “ નેમસચા યા આરમએતેશ ઈજાચા ” પઢીને પાછી બાજ મેલવાની અને છેક “ કેરબા મુજદ ” સુધી પઢીને કુસતી કરે અને તે વાર પછી ફરી નવેસરથી: પાદીઆબ કુસતી કરીને હરેક પાકીનો અમલ કરે.

અવસતા જેને નહિ પઢતાં આવડે તેને અહુનવર પઢવાનાં ફરમાવેઆ છે તેની વીગત.

ખુરશેદની નીઆએશનાં ઈથા અહુ વેરીઆ (૧૦૩) પઢવા.
મેહેરની નીઆએશનાં ઈથા અહુ વેરીઆ (૬૫) પઢવા.
માહાબોખતાર નીઆએશનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) „

આવાં અરદુઇસુર નીઆએશનાં ઇઅિથા અહુ વેરીઆ (૬૫) ,,

આતશન નીઆએશાં ઇઅિથા અહુ વેરીઆ (૬૫) ,,

પાંચે ગેહમાં હરેક ગેહેનાં ઇઅથા અહુ વેરીઆ (૬૫) ,,

પતેતનાં ઇઅિથા અહુ વેરીઆ (૧૨૧) અશેમ (૧૨) ,,

અહુરમજદ ઇઅિશતનાં ઇઅથા (૧૦૩) અશેમ વોહુ (૧૨) ,,

અરદીબેહેસ્ત ઇઅશતનાં ઇઅિથા અહુ વેરીઆ (૬૫) ,,

સરોશ ઇઅશત હાદોખતનાં ઇઅથા અહુ વેરીઆ (૭૫) ,,

સરોશ ઇઅશત વડીનાં ઇઅિથા અહુ વેરીઆ (૧૦૩) ,,

આફરગાંનનાં ઇઅિથા અહુ વેરીઆ (૧૨૧) અશેમ (૧૨) ,,

બીજા હર વખતે પઢવાના અહુનવર અને અશેમ.

કંઇબી નવું કાંમ આરંભતાં યા ઘરમાંથી બહાર જતાં અહુનવર (૫) પઢવા,

નવી ઓલખાંન પીછાન પડતાં અહુનવર .... (૫) પઢવા.

નવું આરંભેલું કામ કરી રહ્યા પછી અહુનવર (૨) અને અશેમ (૩) ,,

હાકેમ તથા દીવાન અને બુજર્ગ લોકો પાસે જતાં અહુનવર (૩) ,,

બાહારથી ઘરમાં આવતાં અહુનવર (૧૦) અને અશેમ (૩) ,,

હરકોઇ આસાંમી સોરે કંઇબી કારણે જતાં અહુનવર (૧) ,,

કોઇને દોઆ માંગતાં પરથમ અહુનવર........................ (૨) ,,

દર્યો, નદી, તલાવ, વીગેરે હરેક પાણીમાં ઉતરતાં અહુનવર...... (૧) ,,

જમીનમાં કંઇબી બીજ રોપતાં અહુનવર........................ (૮) ,,

વેહેવામાં અથવા સાહાજનમાં જતાં અહુનવર.................. (૬) ,,

એકદમ કોઈ દુશમન લડતો આવે ત્યારે અહુનવર........... (૭) ,,

લડાઇથી ફારગ થવા પછી અહુનવર............................ (૭) ,,

ચોપગ ખરીદ કરતાં અહુનવર (૧૦) અને ખરીદવા પછી પણ અહુનવર (૧૦) ,,

બચ્ચાંનું વેશવાલ યાને સગાઈ કરતાં અહુનવર................. (૧૧) ,,

એક શેહેરથી બીજે શેહેર જાતાં અહુનવર......................... (૧૨) ,,

રસ્તામાં ભુલું પડે ત્યારે અહુનવર.................................. (૧૨) ,,

ઉંચે પાહાડ, ડુંગરપર ચઢતાં; નીચે ભોંયરા વિગેરેમાં ઉતરતાં અહુનવર (૧૨) ,,

ચેરાઘ વધારતાં [બતી કરતાં] અહુનવર.......................... (૫) ,,

ચેરાગ રોશન કરતાં (બુજવતાં) અસેમ વોહુ (૧) દરેક વખતે ,,

રસ્તે જતાં સુરદું યા રવાંન સામું મલે તો અહુનવર............ (૨૧) ,,

કંઇબી એકાએક આફત આવે તો અહુનવર .... (૧૨) ,,

કોઇથી પહેલ વેહેલી વાતચીત કરતાં અહુનવર................. (૫) ,,

કોઈબે આસામીઓને લડતા મુકાવવા પહેલાં અહુનવર (૧૨) અને પછી (૫) ,,

,, ,, ,, મુકાવ્યા પછી ....(૫) ,,

નીરંગ ધોઇને પીવાની.

આ કેતાબમાં નીરંગ ધોઇને પાવાની ફરમાવી છે તેની સમજ એ છે કે જે વખતે નીરંગ કરવી હોય તેજ વખતે કેશર બનાવી સફેદ કાગલપર તે શાહીથી નીરંગ લખીને એક ચોખ્ખા વાસણમાં ચોખ્ખું પાણી લઇને તેમાં લખેલું કાગળ ભીંજવીને ચોળીને શાહી પાણીમાં મળી જાય તેમ ધોઇ નાંખવું અને કાગળ ફેંકી દેતાં એક બીજા ચોખ્ખા વાસણમાં રહેવા દેવું, પછી પેલું પાણી કે જેમાં નીરંગ ધોએલી છે તે પાણીને આતશ પર ધુપ દેવું અને લોબાંન મુકતાં પાક પેદા કરનારની યાદ કરવી કે "અય પૃથ્વીના પિતા રેહેમી ખુદાવંદ" તારો પેદા કરેલો હું એક ખાકી બંદો તુંજ કેરદેગાર આગળ અરજ ગુજારૂં છું કે તુંજ ફીરતીવંત કીરતારે પેદા કરેલા રાસત રાહાબર જરથુશ્ત અને એવાજ બીજા પાક નરોના લાવેલા પવિત્ર કલામોનું આ પાણી પીવાથી (એ જગોએ દર્દીનું નામ લેવું.) ને શાંતી અને ફાયદો બક્ષ પછી તે પાણી દર્દીને પાવું.

નીરંગ કરવાનો વખત.

નીરંગ કરવાનો વખત પાછલી રાતનો વધુ સારો છે અને તેજ વખતે કરવી વાજેબ છે. જે કોઇ આસામી મર્દ યા બાનું કોઇબી નીરંગ કરવા ઇચ્છે યા કલામ "પવિત્ર માથ' ભણવાની ખાયસ રાખે, અને પોતાનું કામ શેહેલાઇથી તુરત ફાયદેમંદ થયલું જોવાને આતુર હોય તેઓએ જરૂર ઉશહેન ગેહનો વખતજ નીરંગ કરવા બાબે લેવો. ખતમ થતી ઉશહેન ગેહનાં બામદાદનાં ખુશ વખતમાં પોતાના પેદા કરનાર પાસે માંફી ચાહાવી યા અનેક ભલી ખાયશ નેક મુરાદ ચાહાવી જેટલી સારી અને ફાયદેમંદ અને ફતેહમંદી ભરેલી છે તેટલી બીજા કોઇબી વખતે કરેલી બંદગી અથવા ચાહેલી મુરાદ તેની બરોબર નથી.

સોમવારે ભેશપતવારે પાછલી રાતે ચાર વાગે.

નીરંગ કરવાના ઉત્તમ દીવસો.

નીરંગ કરવી અને પોતાના ધારેલા કામમાં ફાયદો ચાહાવા અગાઉ

સર્વે કોઇએ ફાયદેમંદ દિવસ જાણવાની પેહેલી અગત્ય છે. સારૂં ચાહાવું અને સારો વખત એ સર્વ "પાક દાવરે" સરજયું છે. અને બુરૂ તે હમેશાં 'ધનામિનો' થી આદમ જાતને પોહોંચે છે કે સઘળું સમજવાની શકિત ઇનશાનોને તે "કરીમે કારસાજે' બક્ષેલી છે.

{ અહુરમજદ* બહમંન* હોમ* મેહેર* રસને દીન* }
{ આવાં* શરેોશ* ખુરશેદ* અરદીબેશ* આદર* }

એ દીવશોએ નીરંગ લખીને પીવી પાખ પવીતરઇથી શારી છે, પન સોમવારનો દીવસ આખો ને રાત પુરી થતાં પાછલી રાતે ચાર વાગે લખવી તે ખુરશેદ ઉગવા આગલ કાંમ પુરૂ કરવું. એજ મુજબ ભેશપતવાર દીવશ રાત પુરી થતાં પાછલી રાતે ચાર વાગે લખીને પીવી.

એટલા દિવસોમાં ધારેલી નેક નૈયતનું કાંમ સારા વખતમાં શરૂ કરવાથી કરનારને પોતાને ફાયદો જલદી હાશેલ થાય છે. સર્વ શુભ કાંમો માટે ઉપલા દિવસો ઘણા ઉત્તમ છે.

ઉપલા ૧૧ રોજે દુશ્મન ટાળવાની, દરૂજી મટાડવાની નીરંગો યા તાવીજો કરવાથી વધુ ફાયદો છે.

